# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત, (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં/મા-૫/ફ.મો/૨૦૨૩-૨૪/ તા.૦૨/૦૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત મા. અને ઉ.મા.શાળાઓ તમામ,

જિ-સુરત.

વિષય:- અત્રેના જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો બરતરફી/રૂખસદનો સમયગાળો વિનિયમિત કરવા બાબત.

સંદર્ભ: કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૪/૦૧/૨૦૨૪ ના પત્રાંક:COS/ 0405/01/2024

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક:૨૭(અ) માં આજ્ઞાભંગ , ફરજ પ્રત્યેની બેદરકારી, ગેરવર્તણૂંક, નૈતિક અધ: પતન, બોર્ડમાં આચરેલ ગેરરીતિઓ માટે તદ્દન કામચલાઉ ધોરણે નીમાયેલ કર્મચારીઓ સિવાયના રજીસ્ટર ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓને આ વિનિયમ હેઠળ યોગ્ય રીતે રચવામાં આવેલ તપાસ સમિતી દ્રારા નિયમસરની તપાસ ચલાવ્યા પછી જ અધિનિયમની કલમ-૩૬ ની જોગવાઇઓ મુજબ પાયરી ઉતાર, ફરજિયાત નિવૃત્તિ, નોકરીમાંથી રૂખસદ અને બરતરફ જેવી મોટી શિક્ષાઓ થયેલ હોય ઉપરાંત આવા કર્મચારીઓને ફોજદારી ગુનામાં દોષિત જાહેર થવાના કિસ્સાઓમાં શાળા મંડળ દ્રારા બરતરફ કરવામાં આવેલ હોય અને આ કર્મચારીઓ દ્રારા નામ. ટ્રીબ્યુનલ/ હાઇકોર્ટમાં પડકાર્યા બાદ આ કેસમાં કર્મચારીની તરફેણમાં ચુકાદો આવ્યા બાદ તેમજ ફોજદારી ગુનામાં નિર્દોષ જાહેર થવાની સ્થિતિમાં શાળા મંડળ દ્રારા આ કર્મચારીઓને ફરજ પર પુન: સ્થાપિત કરવામાં આવતા હોવાના કેસો શિક્ષણ વિભાગના ધ્યાને આવેલ છે. આ પ્રકારના કેસોની માહિતી ઉપરોક્ત સંદર્ભિત પત્રમાં સામેલ નિયત નમૂનાના પત્રકમાં હાર્ડકોપી અને એક્સેલ સોફ્ટકોપીમાં તા.૦૩/૦૨/૨૦૨૪ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની મા-૫ શાખામાં રૂબરૂમાં મોકલી આપવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

Scanned with CamScanner

Letter No: COS/0405/01/2024 Dt: 24-01-2024

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
બીજો માળ, પુનિત વન સામે
સેક્ટર-૧૯, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો બરતરફી/રૂખસદનો સમયગાળો વિનિયમિત કરવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: ED/0468/01/2024, તા.૧૮/૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક: ૨૭ (અ) માં આજ્ઞાભંગ, ફરજ પ્રત્યેની બેદરકારી, ગેરવર્તણૂંક, નૈતિક અધ:પતન, બોર્ડમાં આચરેલ ગેરરીતિઓ માટે તદ્દન કામચલાઉ ધોરણે નીમાયેલ કર્મચારીઓ સિવાયના રજિસ્ટર ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને આ વિનિયમ હેઠળ યોગ્ય રીતે રચવામાં આવેલ તપાસ સમિતિ દ્વારા નિયમસરની તપાસ ચલાવ્યા પછી જ અધિનિયમની કલમ-૩૬ ની જોગવાઈઓ મુજબ પાયરી ઉતાર, ફરજિયાત નિવૃત્તિ, નોકરીમાંથી રૂખસદ અને બરતરફ જેવી મોટી શિક્ષાઓ કરવાની જોગવાઈઓ થયેલ છે. આ ઉપરાંત કર્મચારી ફોજદારી ગુનામાં દોષિત જાહેર થવાના કિસ્સાઓમાં શાળા મંડળ દ્વારા બરતરફ કરવામાં આવે છે. બરતરફી/રૂખસદના નિર્ણયને કર્મચારી દ્વારા નામ. ટ્રિબ્યુનલ/નામ. હાઈકોર્ટમાં પડકાર્યા બાદ આ કેસમાં કર્મચારીની તરફેણમાં ચુકાદો આવ્યા બાદ તેમજ ફોજદારી ગુનામાં નિર્દોષ જાહેર થવાની સ્થિતિમાં શાળા મંડળ દ્વારા આ કર્મચારીઓને ફરજ પર પુન:સ્થાપિત કરવામાં આવતા હોવાના કેસો શિક્ષણ વિભાગના ધ્યાને આવેલ છે. આ પ્રકારના કેસોની નીચે જણાવ્યા મુજબના પત્રક સ્વરૂપમાં દિન-૦૭ માં excel format માં સોફ્ટ કોપીમાં ssmadhyamik3@gmail.com પર વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને શાળાનું નામ | હોદ્દો અને વિભાગ (મા./ઉ.મા.) | બરતરફ/રૂખસદ કર્યાનું કારણ | બરતરફ/રૂખસદની તારીખ | બરતરફ/રૂખસદ માટે જિ.શિ.અ.શ્રીની બહાલી મેળવેલ છે કે કેમ? | કયા કારણોસર ફરજ પર પુન: સ્થાપિત કરેલ છે? | નામ. ટ્રિબ્યુનલ/નામ. હાઈકોર્ટના કેસ અંગેની વિગત | ફરજ પુન: સ્થાપિત કર્યાની તારીખ | પુન:સ્થાપિત કરવા માટે મંજૂરી મેળવેલ છે કે કેમ? અને કઈ કક્ષાએ મંજૂરી મેળવેલ છે? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

Signature valid
Signed by: Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.01.24 13:02:17 +05:30

File No: COS/VNT/e-file/276/2024/0273/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with CamScanner